પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૮૬ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૨, શુક્રવાર; ભાદરવા વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આર્થિક વૃદ્ધિનો અંદાજ ૭% રહેશે : ફિચ

**વ્યાજદર વધારાની અર્થતંત્ર પર અસરની આશંકા : ભારતનો રદિયો છતાં રેટિંગ એજન્સીઓ ભારતના વિકાસ પથ પર આશંકા સેવી રહી છે, જૂનમાં જીડીપીનું અનુમાન ૭.૮% અંદાજવામાં આવ્યું હતું : દિગ્ગજ રેટિંગ એજન્સી ફિચે ભારતના જીડીપી વૃદ્ધિ અનુમાનમાં ઘટાડો કર્યો**

નવી દિલ્હી, તા.૧૫

મોંઘવારી અને તેને ડામવા કરવામાં આવી રહેલ વ્યાજદર વધારાની અસર ભારત સહિત વિશ્વના અર્થતંત્ર પર પડવાની આશંકાઓ વધતી જઈ રહી છે. ભારત સરકારના રદિયા છતા રેટિંગ એજન્સીઓને ભારતના વિકાસ પથ પર આશંકા સેવી રહી છે.

દિગ્ગજ રેટિંગ એજન્સી ફિચે ભારતના જીડીપી વૃદ્ધિ અનુમાનમાં ઘટાડો કર્યો છે ફિચે તાજેતરના રિપોર્ટમાં કહ્યું કે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ભારતની આર્થિક વૃદ્ધિનો અંદાજ ઘટાડીને ૭ ટકા કર્યો છે. જૂન ૨૦૨૨માં આ અનુમાન ૭.૮ ટકા અંદાજવામાં આવ્યું હતુ. આ સાથે એફવાય૨૪ માટે વૃદ્ધિનો અંદાજ ઘટાડીને ૬.૭ ટકા કરવામાં આવ્યો છે, જે અગાઉ ૭.૪ ટકા હતો.

ફિચે જણાવ્યું કે નાણાંકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં ૧૩.૫ ટકા વાર્ષિક વૃદ્ધિ સાથે અર્થતંત્રમાં સુધારો થયો છે પરંતુ તે અમારા ૧૮.૫ ટકા વૃદ્ધિના અનુમાનથી નીચે છે. જોકે સિઝનલી એડજસ્ટેડ અંદાજો ત્રિમાસિક ધોરણે ૩.૩ ટકાનો ઘટાડો દર્શાવે છે. વૈશ્વિક અર્થવ્યવસ્થાની સ્થિતિ વધતી જતી મોંઘવારી અને કડક મોનિટરી પોલિસીને ધ્યાનમાં રાખીને અર્થતંત્રમાં મંદીની આશંકા છે.

એજન્સીના મતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) આ વર્ષના અંત પહેલા રેપો રેટ વધારીને ૫.૯ ટકા કરશે. આરબીઆઈનું ફોકસ ફુગાવો ઘટાડવા પર છે પરંતુ વ્યાજદરના નિર્ણય દેશના અર્થતંત્રને વધુ ખરાબ અસર ન પહોંચાડે તે પ્રમાણે "વ્યવસ્થિત, સમતુલનમાં અને ઝડપથી" લેવામાં આવશે.

ભારતમાં વ્યાજદર ટૂંક સમયમાં જ પીક પર પહોંચશે અને આવતા વર્ષે ૬ ટકા પર રહેશે તેમ ફિચે ઉમેર્યું હતુ.

વૈશ્વિક વૃદ્ધિના સંદર્ભમાં ફિચે કહ્યું કે ૨૦૨૨માં ગ્લોબલ જીડીપી વૃદ્ધિ ૨.૪ ટકા રહેવાની અપેક્ષા રાખે છે, જે જૂનના અનુમાનથી ૦.૫ ટકા પોઈન્ટ ડાઉનગ્રેડેડ છે. આ સિવાય ૨૦૨૩ માટે વૃદ્ધિનું અનુમાન ૧ ટકા ઘટાડીને ૧.૭ ટકા કરવામાં આવ્યું છે. યુરોપના દેશો માટે એનર્જીના ભાવ સૌથી મોટી સમસ્યા છે. યુરોઝોન અને બ્રિટન આ વર્ષના અંતમાં મંદીમાં ગરકાવ થશે અને અપેક્ષા છે કે અમેરિકામાં ૨૦૨૩ના મધ્યમાં હળવી મંદી જોઈ શકાય છે.

## ઓગસ્ટમાં ભારતની વેપાર ખાધ ૨૭.૯૮ અબજ ડોલર થઈ

નવી દિલ્હી, તા.૧૫

ઓગસ્ટમાં ભારતની વેપાર ખાધ બમણી થઈને ૨૭.૯૮ અબજ ડોલર થઈ છે. વાણિજ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડામાં અનુસર ઓગસ્ટ, ૨૦૨૧માં દેશની વેપાર ખાધ ૧૧.૭૧ અબજ ડોલર હતી.

**વાણિજ્ય મંત્રાલયે આંકડા જાહેર કર્યા : ઓગસ્ટમાં વેપાર ખાધ ૧૧.૭૧ અબજ ડોલર હતી**

ડેટા અનુસાર ઓગસ્ટમાં દેશની નિકાસ ૧.૬૨ ટકા વધીને ૩૩.૯૨ અબજ ડોલર થઈ છે. ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ પાંચ મહિના એપ્રિલ-ઓગસ્ટ દરમિયાન દેશની નિકાસમાં ૧૭.૬૮ ટકાનો વધારો થયો છે અને તે ૧૯૩.૫૧ અબજ ડોલરની રહી છે.

બીજી તરફ જો આયાતની વાત કરીએ તો આ વર્ષે ઓગસ્ટમાં દેશની આયાત ૩૭.૨૮ ટકા વધીને ૬૧.૯ અબજ ડોલર થઈ છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ પાંચ મહિના એપ્રિલ-ઓગસ્ટ દરમિયાન આયાત ૪૫.૭૪ ટકા વધીને ૩૧૮ અબજ ડોલર રહી છે.

ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ પાંચ મહિના એપ્રિલ-ઓગસ્ટ દરમિયાન દેશની વેપાર ખાધ વધીને ૧૨૪.૫૨ અબજ ડોલર થઈ છે જે અગાઉના નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં ૫૩.૭૮ અબજ ડોલર હતી. જ્યારે કોઈ દેશ તેની નિકાસ કરતા વધુ આયાત કરે છે, ત્યારે તેને વેપાર ખાધનો સામનો કરવો પડે છે.

## બેગુસરાય ઘટના મામલે ૭ પોલીસ સસ્પેન્ડ


**બેગુસરાઈમાં આડેધડ ફાયરિંગ કેસમાં આક્રમક પગલાં : પોલીસે બંને બાઈકસવારોની તસવીર જાહેર કરીને લોકોને તે અંગે કોઈ માહિતી હોય તો જણાવવા માટે અપીલ કરી**

પટના, તા.૧૫

બિહારના બેગુસરાઈ ખાતે મોટરસાઈકલ પર સવાર ૨ બદમાશોએ શહેરના ૩૦ કિમી વિસ્તારમાં આડેધડ ફાયરિંગ કરીને ૧૧ લોકોને ભોગ બનાવ્યા હતા જેમાંથી એક વ્યક્તિનું મોત થયું છે. જ્યારે બાકીના ઘાયલોને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

બિહાર પોલીસના કહેવા પ્રમાણે બદમાશો આ પ્રકારની ગતિવિધિ દ્વારા દહેશત ફેલાવવા ઈચ્છતા હતા પરંતુ સ્થાનિક પોલીસની પણ ચૂક કહેવાય માટે ૭ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બેગુસરાઈના એસપી યોગેન્દ્ર કુમારે આ ગુનામાં સામેલ બંને બાઈકસવારોની તસવીર જાહેર કરીને લોકોને તે અંગે કોઈ માહિતી હોય તો જણાવવા માટે અપીલ કરી છે.







પોલીસે નારંગી શર્ટમાં બાઈક પર સવાર શખ્સ અને તેની પાછળ બેઠેલા શકમંદ અંગેની સાચી માહિતી આપનારાને ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. સાથે જ આ પ્રકારે માહિતી આપનારા

● અનુસંધાન પાન-૭ પર

## કેનેડાના સ્વામિનારાયણ મંદિરમાં તોડફોડની ઘટના

**દીવાલો પર લખ્યા ભારત વિરોધી નારા : કેનેડિયન સરકારને આ કેસમાં આરોપીઓ સામે ઝડપી અને કડક કાર્યવાહી કરવા આગ્રહ કરવામાં આવી છે**

ઓટાવા,તા.૧૫

કેનેડામાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ટોરન્ટોમાં સ્થિત



સ્વામિનારાયણ મંદિરને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. કેટલાક અસમાજિક તત્વો દ્વારા મંદિરને ક્ષતિ પહોંચાડવામાં આવી છે. આટલું જ નહીં મંદિરમાં ભારત વિરોધી વાતો પણ લખવામાં આવી છે. ભારત સરકારે આનો વિરોધ નોંધાવ્યો છે. ઓટાવામાં આવેલા ભારતીય હાઈ કમિશને કેનેડિયન વહીવટીતંત્રને આ બાબતની તપાસ કરવા અને આરોપીઓ સામે ઝડપી અને કડક પગલાં લેવા આગ્રહ કર્યો છે. જોકે, હજુ સુધી એ જાણી શકાયું નથી કે, કોઈ વ્યક્તિ કે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા લોકોએ આ ઘટનાને અંજામ આપ્યો છે કે નહીં. સ્વામિનારાયણ મંદિરની દીવાલો પર ભારત વિરોધી સૂત્રો લખવા પર ભારે વાંધો ઉઠાવ્યો છે. જણાવવામાં આવી રહ્યું છે કે, આ ઘટના મંગળવારે ઘટી હતી. આ મામલો ભારતીય હાઈ કમિશને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ભારતીય હાઈ કમિશને ટ્વીટ કરીને જણાવ્યુ છે કે, 'ટોરોન્ટોમાં સ્થિત સ્વામિનારાયણ મંદિરને નુકસાન પહોંચાડવાની અને ભારત વિરોધી વાતો લખવાની ઘટનાની અમે સખત નિંદા કરીએ છીએ. કેનેડિયન સરકારને આ કેસમાં આરોપીઓ સામે ઝડપી અને કડક કાર્યવાહી કરવા આગ્રહ કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર મંદિરને નુકસાન પહોંચાડ્યા બાદ તેને લગતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં મંદિરની દીવાલો પર ખાલિસ્તાનીના નારા જોવા મળી શકે છે. બ્રામ્પટન (દક્ષિણ)ના સાંસદ સોનિયા સિદ્ધુએ આ સમગ્ર ઘટના પર આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. તેમણે ટ્વીટ કર્યું કે, અમે બહુસાંસ્કૃતિક અને બહુધાર્મિક દેશમાં રહીએ છીએ, જ્યાં દરેકને સુરક્ષિત અનુભવવાનો અધિકાર છે.

## આમ આદમી પાર્ટીની માન્યતા રદ કરવા માટે અરજી કરાઈ

**ગુજરાતના સનદી અધિકારીઓ આવનારી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી માટે કામ કરે અને આપની જીતને સુનિશ્ચિત કરે : કેજરીવાલ**

રાજકોટ,તા.૧૫

આમ આદમી પાર્ટીના નેશનલ કન્વિનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એક નિવેદન આપવું ભારે પડી શકે છે. કેજરીવાલના એ નિવેદન પછી હવે ૫૭ નિવૃત સનદી અધિકારીઓએ ચૂંટણી પંચને રજૂઆત કરી છે કે, આમ આદમી પાર્ટીની માન્યતા પાછી ખેંચી લેવામાં આવે. પૂર્વ સનદી અધિકારીઓએ ચૂંટણી પ્રતીકો (આરક્ષણ અને ફાળવણી) ઓર્ડર, ૧૯૬૮ના ઓર્ડર ૧૬૭ હેઠળ આમ આદમી પાર્ટી ની માન્યતા પાછી ખેંચી લેવા રજૂઆત કરી છે. આ ૫૭ પૂર્વ અમલદારો અને રાજદ્વારીઓ દ્વારા લખાયેલો પત્ર ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરને મોકલવામાં આવ્યો છે.

**કેજરીવાલને એક નિવેદન આપવું ભારે પડી શકે છે**

૫૭ પૂર્વ સનદી અધિકારીઓએ ચૂંટણી પંચને રજૂઆત કરતાં લખેલા પત્રમાં જણાવ્યું છે કે, ૩ સપ્ટેમ્બરના રોજ રાજકોટમાં આમ આદમી પાર્ટી દ્વારા એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં આપના નેશનલ કન્વિનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એક નિવેદન આપ્યું હતું. કેજરીવાલે કહ્યું હતું કે, 'ગુજરાતના સનદી અધિકારીઓ આવનારી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી માટે કામ કરે અને ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આપની જીતને સુનિશ્ચિત કરે.' આ સાથે અરવિંદ કેજરીવાલે, સરકારી નોકરી કરતા કર્મચારીઓ જેવા કે, પોલીસ કર્મી, હોમ ગાર્ડ, આંગણવાડી કાર્યકર્તા, એસટીના ડ્રાઈવર અને કંડક્ટર અને પોલીંગ બુથ પરના અધિકારીઓને પણ આમ આદમી પાર્ટીને મદદ કરવા માટે કહ્યું હતું.

## ગુલામનબી આઝાદને આતંકી સંગઠન દ્વારા મળેલી ધમકી

**આતંકી જૂથ રેઝિસ્ટન્સ ફ્રન્ટ ટેરરે આઝાદને ધમકી આપી**

શ્રીનગર, તા.૧૫

જમ્મુ-કાશ્મીરમાં નવી પાર્ટીનું ગઠન કરી રહેલા ગુલામ નબી આઝાદને આતંકવાદી સગંઠન દ્વારા ધમકી મળી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે તેના સબંધિત પોસ્ટર પણ જાહેર કરવામાં આવ્યા છે. આ સાથે જ તેમાં આઝાદની હાલની રાજકીય ગતિવિધિઓને સુનિયોજિત બતાવવામાં આવી રહી છે. ત્યારબાદ તેમણે જમ્મુ-કાશ્મીરમાં રાજકીય રૂપે સક્રિય થવાની વાત કહી હતી.

લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા જૂથ રેઝિસ્ટન્સ ફ્રન્ટ ટેરરે આઝાદને ધમકી આપી છે. મહત્વની વાત એ છે કે, આઝાદ મિશન કાશ્મીરના ભાગરૂપે રેલીઓ કાઢવા જઈ રહ્યા છે. તેમને અગાઉ પણ આવી ધમકીઓ મળી ચુકી છે. આતંકવાદીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટર પણ જાહેર કર્યા છે.

પોસ્ટરમાં લખવામાં આવ્યું છે કે, ગદ્દારના દિલમાં કોઈ વફાદારી નથી હોતી માત્ર વિશ્વાસપાત્ર હોવાનું ખોટું નાટક કરે છે. પોસ્ટર દ્વારા આઝાદને રાજકારણના કાચિંડો ગણાવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર


Gezia **-: RECRUITEMENT :-** Gezia

G'nagar Ele. Zone Indu. Association (GEZIA) is looking for well-qualified, experienced, dynamic, devoted with known integrity and determined individuals as per details given below. Interested candidate may send their biodata by Indian Postor Gezia E-Mail within 7 days from the date of advertisement.

| Position & Post | Job Profile |
|---|---|
| MANAGER – ADMIN - 01 | **Qualification:Professional in HR.**<br>·At least 5 years in any organization have 30+ manpower.<br>·Ability to handle all administrative responsibilities, arrange meetings, organize seminars & conferences<br>**Skill & Competency:**<br>·Good communication skill in Gujarati, Hindi and English language.<br>·Proficiency in English reading & writing.<br>·Computer knowledge is must with hand on skill with Microsoft Word, Excel, PPT, mails & other social media etc.<br>·Competent in handling matters at various Government Department and officer levels.<br>·Convergent with social media. |
| BACK-OFFICE STAFF - 01 | **Qualification:** Professional Graduatein discipline like B. Com, BCA with ComputerProficiency.<br>·Computer knowledge is must with hand on skill with Microsoft Word, Excel, Scanning work, E-mails & other social media etc.<br>·Knowledge of English &Gujarati typing and Stock management is must.<br>·1-2 years of experience for the same posts is preferred. |
| ACCOUNT ASSISTANT - 01 | ·Knowledge of Tally Erp9 is must.<br>·Basic knowledge of GST & TDS work is essential.<br>·1-2 years of experience for the same post is preferred. |
| TECHNICAL STAFF – 01 | ·Diploma in Civil Engineers – 01 Post<br>·Experience – 2-3 years field experience in Govt. Infrastructure work with the knowledge on water and drainage infrastructure. |
| Salary | ·Salary and other privileges/benefits commensurate with the qualification and experience as per approved by GEZIA will be offered. |
| General Information | ·Application must be mark to Secretary/President.<br>·Incomplete applications or applications received after due date shall not be considered.<br>·Only short-listed candidates will be called for interview.<br>·No TA/DA will be paid to interviewer.<br>GEZIA reserves the right to accept or reject any application without assigning any reason. |

Please send your application as per below address by Indian Post or Gezia E-Mail given below:

**To, The Secretary/President, Gandhinagar Ele. Zone Indu. Association, Plot # B-23/2/1&2, Ele. Estate, Sector-25 GIDC, Gandhinagar – 382016. E-Mail: geziaonline@gmail.co**


## નીતિશ સાથે જોડાવાની અટકળો પ્રશાંત કિશોરે ફરી ફગાવી દીધી

**નીતીશ સાથે મુલાકાતને લઈને પ્રશાંત કિશોરે મૌન તોડ્યું : તાજેતરમાં જ થયેલી અપરાધિક ઘટનાઓને લઈને મુખ્યમંત્રી નિતીશ કુમાર પર સીધા પ્રહાર કર્યા**

નવી દિલ્હી, તા.૧૫

નીતીશ કુમાર સાથે મુલાકાતને લઈને પ્રશાંત કિશોરે મૌન તોડ્યું છે. પીકેએ મીટિંગ બાદ નીતિશ કુમાર સાથે જોડાવાની અટકળોને નકારી કાઢી છે. આ સાથે જ તાજેતરમાં જ થયેલી અપરાધિક ઘટનાઓને લઈને નિતીશ કુમાર પર સીધા પ્રહાર કર્યા છે. ચૂંટણી રણનીતિકારે કહ્યું કે, બિહારમાં જે પ્રકારની ઘટનાઓ બની રહી છે તેનાથી લોકોની આશંકાઓ સાચી સાબિત થતી નજર આવી રહી છે. બેગૂસરાયમાં ૨૪ રાઉન્ડ ફાયરિંગ અને ૧૦ લોકોને ગોળી મારવા પર પ્રશાંત કિશોરે કહ્યું કે, તેનાથી જાણી શકાય છે કે, લોકોની આશંકાઓને બળ મળી રહ્યું છે અને આશંકાઓ સાચી સાબિત થતી નજર આવી રહી છે. દરેક જિલ્લાઓમાંથી તમને આવી ઘટનાઓ જોવા મળી શકે છે.

બીજી તરફ ફરી નીતીશ કુમાર સાથે જોડાવાની અટકળોને નકારી કીઢી છે. પીકે એ કહ્યું કે, હું પોતાના મત પર કાયમ છું. તેઓ બિહીરના સીએમ છે અને હું પણ આ જ રાજ્યનો રહેવાસી છું.

## બોલિવૂડ અભિનેત્રી નોરા ફતેહી દિલ્હી પોલીસ સમક્ષ હાજર થઈ

**નોરા પોલીસ કચેરી ખાતે બ્લેક હૂડીમાં સજ્જ થઈને આવી હતી જેથી મીડિયાના કેમેરાથી પોતાનો ચહેરો છુપાવી શકાય**

દિલ્હી, તા.૧૫

સુકેશ ચંદ્રશેખર દ્વારા ૨૦૦ કરોડથી ખંડણી ઉઘરાવવાનાં કેસમાં દિલ્હી પોલીસ દ્વારા અપાયેલા સમન્સને પગલે બોલીવુડ ડાન્સર નોરા ફતેહી આજે દિલ્હી પોલીસ સમક્ષ હાજર થઈ હતી.

નોરા પોલીસ કચેરી ખાતે બ્લેક હૂડીમાં સજ્જ થઈને આવી હતી જેથી મીડિયાના કેમેરાથી પોતાનો ચહેરો છુપાવી શકાય.

નોરા ફતેહીએ પણ સુકેશ પાસેથી કરોડો રૂપિયાની ભેટ સોગાદો મેળવી હોવાનો આરોપ છે. અગાઉ ઈડી દ્વારા પણ તેની પૂછપરછ થઈ ચૂકી છે. જોકે, આ



કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા જેક્લિન ફર્નાન્ડીઝને સહ આરોપી દર્શાવવામાં આવી છે પણ નોરા ફતેહીને સાક્ષી જ ગણવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર